શિક્ષણ ક્ષેત્રની ગુણવત્તા સુધારવા માટે
યોજનાઓ અમલમાં મુકવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૪૨૦૧૪/૪૦૭૦૬૨/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ-૨૯/૧૦/૨૦૧૪

<u>ઠ રા વ :-</u>

હાલ રાજયના પ્રાથમિક શાળાઓના આશરે ૨૧૪૧૩૮ શિક્ષક અને ૧૦૦૦૦ મુખ્ય શિક્ષકની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે અને આ ઉપરાંત સરકારી માધ્યામિક અને ઉચ્ચતર માધ્યામિક શાળાઓમાં આશરે ૬૪૩ હેડમાસ્તર અને ૩૨૦૫ શિક્ષકોની જગ્યાઓ છે. છેલ્લાં ચાર-પાંચ વર્ષોમાં શિક્ષણ અધિકાર કાયદા અને રાષ્ટ્રીય માધ્યામિક શિક્ષા અભિયાનને કારણે રાજયમાં મોટા પ્રમાણમાં શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને હેડમાસ્ટરોની ભરતી કરવામાં આવી રહેલ છે. આ ભરતી માટે સામાન્ય લાયકાત ઉપરાંત ટેટ, ટાટ અને એચટેટ વગેરેની એક એન્ટ્રી લેવલ પરીક્ષાની જોગવાઇ કરવામાં આવેલ છે, પણ ભુતકાળમાં અનેક શિક્ષાવીદો સાથે ચર્ચા કર્યા પછી જણાય છે કે આ શિક્ષકોને જો ચાર-પાંચ માસના સમયગાળા માટે સ્પર્ધાત્મક જાહેરાતથી સારી સંસ્થામાં તાલીમ આપીએ તો આ નવા નિમાયેલ શિક્ષકો મહદઅંશે ૩૦-૩૫ વર્ષ સુધી સારી રીતે ગ્રામીણ વિસ્તારના નબળા વર્ગના વિધાર્થીઓને ભણતર આપી શકે છે. આજ રીતે હેડમાસ્ટરો અને અન્ય શૈક્ષણિક માનવબળના વ્યકિતગત વિકાસ માટે પણ મધ્યમગાળાના અમુક તાલીમોની જરુર છે. આથી આ બાબતે સરકાર ધ્વારા શિક્ષકો અને હેડ માસ્તરના કારકિર્દીના વિકાસ માટેની એક યોજના અમલમાં મુકવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ -</u>

પુખ્ત વિચારણાને અંતે શિક્ષક હેડટીચરના કેરીયર વિકાસ થકી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષક/હેડટીચરના કેરીયર વિકાસ માટે રૂ. ૧..૬૬/- કરોડ(રૂ.એક કરોડ છાસઠ લાખ પુરા) ની જે જોગવાઇ નવી બાબતમાં કરવામાં આવેલ છે તેને નીચેની શરતોને આધીન રહીને ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

**<u>(ક) શિક્ષક અને હેડ ટીચરના કેરીયર વિકાસ માટે નીચેની શરતો લાગુ પાડવાની રહેશે.</u>**

(૧) વિધાસહાયક, શિક્ષકને વિષય વસ્તુ અને શાળાના વહીવટ માટે મધ્યમ સમયગાળાની (વધુમાં વધુ છ માસ) જે તે વિષય માટે એક તાલીમ કાર્યક્રમ પ્રાયોગિક ધોરણે અમલમાં મુકવાની રહેશે.

(૨) પ્રથમ વર્ષે પ્રાયોગિક ધોરણે ૮૦ વિધાસહાયક, મદદનીશ શિક્ષક/શિક્ષકને તાલીમ આપવાની રહેશે જેમાં ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના વધુમાં વધુ ૨૫ વિધાસહાયક, મદદનીશ શિક્ષક/શિક્ષકનો સમાવેશ કરી શકાશે.

(૩) મદદનીશ શિક્ષક/શિક્ષક કે જેની પાંચ વર્ષથી ઓછી નોકરી થયેલ હોય તેમનો તાલીમમાં સમાવેશ કરવાનો રહેશે.

**(ખ) હેડટીચર/પ્રિન્સિપાલના કેરીયર વિકાસ માટે નીચેની શરતો લાગુ પડશે**

(૧) હેડ ટીચર/પ્રિન્સિપાલને વિષય વસ્તુ અને શાળાના વહીવટ માટે મધ્યમ સમયગાળાની (વધુમાં વધુ છ માસ) હયાત હેડટીચર કે જે શિક્ષકોને એક તાલીમ પ્રાયોગિક ધોરણે અમલમાં મુકવાની રહેશે.

(૨) પ્રથમ વર્ષે પ્રાયોગિક ધોરણે ૩૦ હેડટીચર/પ્રિન્સિપાલને તાલીમ આપવાની રહેશે જેમાં ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના વધુમાં વધુ ૧૦ હેડટીચર/પ્રિન્સિપાલનો સમાવેશ કરી શકાશે.

(૩) આગામી ત્રણ વર્ષમાં જે હેડટીચર/પ્રિન્સિપાલને તરીકે બઢતી મળનાર હોય અથવા છ માસથી વધુ સમય માટે વધારાનો હવાલો સંભાળયો હોય તેમનો તાલીમમાં સમાવેશ કરવાનો રહેશે.

**<u>આ પ્રોજેક્ટ માટે નીચેની સામાન્ય શરતો લાગુ પડશે</u>.**

(૧) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા ફાળળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન જરુરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપ્યોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશ.

(૫) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આઉટ સોર્સિંગથી કામગીરી લેવા માટે સરકારની આ અંગેની ને ધ્યાને લેવાની રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક-એસઓપી/૧૦૨૦૦૫/૧૪૦૭/છ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ યોજનાનો અમલ જી.સી.ઇ.આર.ટી. ધ્વારા કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ ફેરફાર કરેલ અંદાજપત્રના માંગણી નં.૯ મુખ્ય સદર ૨૨૦૨ સામાન્ય શિક્ષણ ઇમ્પ્રવમેન્ટ આઉટકમ્સ ઓફ એજયુકેશન સેકટર હેઠળ મંજુર રહેલ જોગવાઇમાંથી ઉધારવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તારીખ ૧૬/૧૦/૨૦૧૪ની નોંધથી મળેલ સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એન.બ્રહ્મભટ્ટ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

બિડાણ - ઉપર મુજબ

પ્રતિ,

(૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્‌ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર

(૨) કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

(૫) સંયુકત સચિવશ્રી (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૬)તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ

(૭)તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ

(૮)તમામશાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

(૯)એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૧)તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

(૧૨)નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજ રાત રાજ્ય, ગાંધીનગર

(૧૩)શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ

(૧૪)શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ

(૧૫)કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)

(૧૬)સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા